
# 1 મારી વ્હાલી બિલાડી શોધીએ !




## ચાલો ગાઈએ

જુઓ,જુઓ,જુઓ
જુઓ મારી વ્હાલી બિલાડી.



શું તું બેઠી
**છે** બારી
ઉપર?



શું તું સૂતી **છે** પલંગ નીચે?
શું તું છુપાઈ છે ઉપર કે નીચે?



જુઓ,જુઓ,જુઓ
જુઓ મારી વ્હાલી બિલાડી.
શું તું **બેઠી** છે દફતરની અંદર?



શું તું લાલ રેકથી **બહાર** છે?
ક્યાં છુપાઈ છે મને બતાવ.





આવ,આવ,આવ,


આવ મારી વ્હાલી બિલાડી.

કોઈ વાર તને બરણીની નીચે **ખરોચતાં** જોઈ,

કોઈ વાર તને કાર **ઉપર** રમતાં જોઈ.







આવ,આવ,આવ,
આવ મારી વ્હાલી બિલાડી
કોઈ વાર ટોપીની **ઉપર** કૂદતા જોઈ.

કોઈ વાર સાદડીની નીચે **જોઈ**,
જલ્દી આવ મારી વ્હાલી બિલાડી,
તું છે મારી વ્હાલી બિલાડી

બાળકોને કવિતા અભિનય સાથે ગાવાનું કહો. બાળકો સમક્ષ વર્ગની કઈ-કઈ વસ્તુઓ ઉપર તેમજ કઈ-કઈ વસ્તુઓ નીચે છે તેની ચર્ચા કરો. બાળકોને તેમની આસપાસ જોવા મળતાં પ્રાણીઓ વિશે વાત કરવા માટે પ્રોત્સાહિત કરો.જેમ કે બિલાડીઓ, કૂતરાઓ, ગાયો વગેરે.



© NCERT not to be republished

## કવિતાનાં ચિત્રો જુઓ અને સાચા શબ્દ પર વર્તુળ દોરો.

ક. લાલ દડો પલંગની **ઉપર/નીચે/પર** છે.

ખ. બિલાડી કારની **અંદર/બહાર/ઉપર** છે.

ગ. માણસ વૃક્ષની **નીચે/ અંદર / પર** છે.

ઘ. ગાય ઘરની **અંદર/ઉપર/બહાર** છે.

## વિચારો અને જવાબ આપો

ક. તમે તમારા પગરખાં ક્યાં મૂકશો? ઓરડાની **અંદર / બહાર**


ખ. તમે કચરો ક્યાં ફેંકો છો? કચરાપેટીની **અંદર/બહાર**.

## ચાલો રમીએ — વસ્તુઓ શોધો

બાળકોને બે જૂથમાં વહેંચો.એક જૂથ સફેદ ચાક, લાલ દડો વગેરે જેવી વસ્તુઓ છુપાવશે અને બીજાં જૂથને તેને શોધવા માટે કહેશો. બાળકો અંદર/બહાર, દૂર/નજીક, ઉપર/નીચે વગેરે જેવા સ્થાનીય શબ્દોનો ઉપયોગ કરીને વસ્તુઓ શોધવા માટે મૌખિક સૂચનાઓ આપી શકે છે.

દાખલા તરીકે:

- ક. સફેદ વસ્તુ શોધો કે જે પાટિયા **પાસે** અને ટેબલ **નીચે** હોય.
- ખ. લાલ વસ્તુ શોધો કે જે વર્ગખંડની **બહાર અને** ઝાડ **નીચે** હોય.



© NCERT not to be republished


## ચાલો રમીએ — દડો ફેંકો !


દરેક બાળક વારાફરતી દડાને ટોકરીમાં ફેંકવાનો પ્રયત્ન કરશે. જ્યારે દડો ટોપલીની અંદર જાય ત્યારે અન્ય બાળકો કહેશે **અંદર** અને ટોકરીની બહાર જાય ત્યારે તેઓ કહેશે **બહાર**.



## ચાલો કરીએ

ક. જે અંદર છે, તેના પર ✓ (ખરાની નિશાની) કરો.





> પ્રવૃત્તિ એવી રીતે હાથ ધરવી જોઈએ કે જેથી દિવ્યાંગ બાળકો હોય તો પણ તેમાં સક્રિય ભાગ લઈ શકે. ઉદાહરણ તરીકે, એક દડા પર ઝાંઝર બાંધી શકાય છે અને ટોપલીનાં અંદરનાં તળિયાને બહારની સપાટીથી અલગ બનાવી શકાય છે, જેથી દડો જ્યારે ટોપલીની અંદર અથવા બહાર પડે ત્યારે અલગથી વિશિષ્ટ અવાજ આવે.

© NCERT not to be republished

ખ. જે બહાર છે, તેના પર ✓ (ખરાની નિશાની) કરો.





ગ. ચિત્ર જુઓ અને સાચા શબ્દો પર ✓ (ખરાની નિશાની) કરો.

૧. એક છોકરો ઝાડ **પર/નીચે** બેઠો છે.

૨. પક્ષીઓ ઝાડ **પર/નીચે** હોય છે.



ઘ. નાકની નીચે સ્મિત અને આંખોની ઉપર પાંપણો દોરો.



© NCERT not to be republished

ચ. આપણા રાષ્ટ્રધ્વજને જુઓ, ને તિરંગો પણ કહેવામાં આવે છે. તેમાં કેટલા રંગો છે?

સાચા વિકલ્પ પર ✓ (ખરાની નિશાની) કરો.

૧. તિરંગામાં સૌથી ઉપર કયો રંગ છે?

**સફેદ/કેસરી/લીલો**

૨. તિરંગામાં સફેદ રંગની **નીચે** કયો રંગ છે?


**ગુલાબી/કેસરી/લીલો**

૩. તિરંગામાં લીલા રંગની ઉપર કયો રંગ છે?

**સફેદ/કેસરી/પીળો**

૪. તિરંગામાં અશોકચક્ર ક્યાં છે?

**એક ખૂણામાં/વચ્ચે/બાજુ પર**




© NCERT not to be republished

બાળકો સાથે ચર્ચા કરો કે આપણે રાષ્ટ્રધ્વજ ક્યારે, ક્યાં અને શા માટે ફરકાવીએ છીએ. બાળકોને રાષ્ટ્રીય તહેવારો વિશે તેમની લાગણીઓ વ્યક્ત કરવા દો.બાળકોને પોતાનો તિરંગા બનાવવા માટે કહો અને તિરંગા સામે ઊભા રહી રાષ્ટ્રગીત ગાવા માટે કહો.



## છુક -છુક કરતી ગાડી ચાલી!



છુક -છુક, છુક -છુક
છુક -છુક કરતી ગાડી ચાલી!
વાંકી-ચૂંકી ગાડી ચાલી (ટેકરીઓ ઉપર અને મેદાનો સુધી)
નદી-ખેતરો થઈને ગાડી ચાલી.
ઉપર જતી, નીચે જતી
ઊભી રહેતી, ચાલવા માંડતી
પર્વત, સમુદ્ર, વરસાદ બતાવતી
આખો દેશ ફેરવીને લાવતી.
આગળ એન્જિન, પાછળ ડબ્બા,
કો'ક ડબ્બાના **આગળ** ડબ્બા
કો'ક ડબ્બાના **પાછળ** ડબ્બા
હાલતી -ડોલતી ગાડી ચાલી
છુક -છુક કરતી ગાડી ચાલી!



© NCERT not to be republished

ક. એન્જિનના **પાછળ** કેટલા ડબ્બા છે?

ખ. લાલ ડબ્બાની પહેલાં **કેટલા** ડબ્બા છે?

ગ. લાલ ડબ્બાની **પછીના** ડબ્બાઓમાં **નારંગી** રંગ પૂરો.

ઘ. લાલ **ડબ્બાની** પહેલાંના ડબ્બાઓમાં **વાદળી** રંગ પૂરો.

બાળકોને તેમની રેલગાડીની મુસાફરીના અનુભવો બતાવવા કહો. જે બાળકોએ ક્યારેય રેલગાડીમાં મુસાફરી કરી નથી, તેઓ યાત્રા વિશે પ્રશ્નો પૂછી શકે છે. 'રેલગાડી કેવી હોય છે' તે વિષય પર વર્ગમાં ચર્ચા થવા દો. તેઓને કાગળ પર રેલગાડી દોરવા માટે અથવા તેઓ ખોખાં કે દીવાસળીની પેટીઓ જેવી નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને રેલગાડી બનાવવા કહો.



## ચાલો રમીએ

બાળકો જોડકણું ગાશે અને એક-બીજાના ખભા પકડીને રેલગાડી બનાવશે.બધાં બાળકો બતાવશે કે તેમના પહેલાં કોણ છે અને તેમના પાછળ કોણ છે?




સુઆલી અને રોહિત વસ્તુઓના કેટલાક જૂથો બનાવી રહ્યા છે.





બાળકોને બીજ, પાંદડાં, મણકા વગેરે વસ્તુઓની છટણી (વર્ગીકરણ) કરવા જેવી બીજી પ્રવૃત્તિઓ કરવા દો.

© NCERT not to be republished

## ચાલો કરીએ

સુઆલીએ બધાં બટનોને ત્રણ જૂથમાં મૂક્યા છે.



સુઆલીએ આવા જૂથો શા માટે બનાવ્યા?

સુઆલી હવે આ બટનોને અલગ અલગ રીતે જૂથબદ્ધ કરવા માંગે છે. તમે ચિત્ર દોરીને તેને મદદ કરો.

© NCERT not to be republished

## પ્રોજેક્ટ કાર્ય

બાળકોને વર્ગખંડના કબાટને વ્યવસ્થિત કરવા કહો. શિક્ષક બાળકોને સ્થાનીય સંબંધિત શબ્દો જેવા કે - સૌથી નીચેના ખાનામાં બે વસ્તુઓ મૂકો, સૌથી ઉપરના ખાનામાં એક વસ્તુ મૂકો વગેરે નિર્દેશો આપે.